| | | |
|---|---|---|
| **આંક** | **:-** | **૨૭/એ** |
| દા ખ લ તા રીખ | :- | ૧૮/૦૩/૨૦૨૪ |
| રજી. લીધા તારીખ | :- | ૧૮/૦૩/૨૦૨૪ |
| નિ કા લ તા રીખ | :- | ૦૪/૦૮/૨૦૨૫ |
| સમય | :- | વ. મા. દિ |
| | | ૦૧ ૦૪ ૧૭ |

---

**ભુજના મ્હે.અધિક સિવિલ જજ સાહેબની અદાલતમાં, મુ. : ભુજ-કચ્છ.**

---

**રેગ્યુલર દિવાની દાવા નં.૬૯/૨૦૨૪**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
મારફતે : નાયબ ઈજનેરશ્રી,
માધપર સબ ડીવીઝન,
માધાપર, તા:ભુજ-કચ્છ. :::::::::::::::::::: **વાદી**

**વિરુધ્ધ**

કેરા ઈસ્માઈલ કોલી,
ઉ.વ.પુખ્ત, ધંધો:મજુરી,
રહે: જોગીવાસ પાછળ,
નવાવાસ, માધાપર
તા: ભુજ-કચ્છ. :::::::::::::::::::: **પ્રતિવાદી**

---

**દાવો :-** વિદ્યુત ચોરીના બીલની રકમ તથા વિલંબીત ચાર્જની લેણી રકમ વસુલ મેળવવા માટેનો દાવો

---

**વાદી તરફે** વિધ્વાન વકીલ શ્રી જી.એન.દુલેરા
**પ્રતિવાદી તરફે** એકતરફી

---

## -:: ઠરાવ ::-

(૧) વાદીના દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે વાદી પ.ગુ.વી.કં .લી., ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૪૮ ની જોગવાઈ મુજબ કોન્સ્ટીટયુટેડ કોર્પોરેટ બોડી છે. વાદી, વાદી કંપનીના જે તે ડીવીઝનના નાયબ ઈજનેર છે અને પ.ગુ.વી.કં.લી. વતીથી

અધિકૃત અધિકારી છે અને તેઓને દાવો દાખલ કરવાની સતા છે અને દાવાના રેકર્ડ અને આધારોથી માહિતગાર છે. વાદી કંપની ગુજરાત રાજયમાં વિદ્યુતનું ઉત્પાદન કરી નિયત દરથી ગ્રાહકોને વીજળી પુરી પાડે છે. આ કામના પ્રતિવાદી વાદી પાસેથી કાયદેસર વીજ જોડાણ મેળવેલ છે અને તેઓના ગ્રાહક નં. ૩૯૨૦૧૧૦૫૭૭૦ છે. આ કામના પ્રતિવાદી વીજ વપરાશ માટેના બીલની રકમ ભરપાઈ કરવા માટે જવાબદાર હોવા છતાં લેણી રકમ ભરપાઈ કરેલ ન હોય વીજ જોડાણ કાપવાનો હુકમ કરવામાં આવેલ. પ્રતિવાદી પર વાદી કંપનીના વિદ્યુત વપરાશની લેણી રકમ મે'૨૦૨૧ થી માર્ચ'૨૩ સુધીની બાકી નીકળતી રકમ રૂા.૧૦,૫૮૧.૧૨/- તથા તેના પરની ડી.પી.સી.ની રકમ રૂા.૨,૮૬૭.૧૪/- માંથી રુ.૧,૦૦૦/- જમા રકમ બાદ કરતા કુલ રૂા.૧૨,૪૪૮.૨૬/- બાકી લેણા રહે છે. પ્રતિવાદીને વાદી તરફથી વિદ્યુત જોડાણ રદ કરવાની કાયદેસરની નોટીસ આપવામાં આવેલ અને તેનું વીજ જોડાણ કાપી નાખવામાં આવેલ. તેમ છતાં પ્રતિવાદી દાદ ન આપતાં હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. પ્રતિવાદીને નોટીસ આપવા છતાં, પ્રતિવાદી વાદી કંપનીની લેણી રકમ ભરપાઈ ન કરતાં, ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને ચાલુમાં છે. વાદી કંપનીની કચેરી, પ્રતિવાદીનું રહેણાંક તથા તેની મિલ્કત નામદાર કોર્ટની હકુમતમાં હોઈ નામદાર કોર્ટને દાવો ચલાવવા હકુમત છે. યોગ્ય કોર્ટ ફી રજુ છે.આમ ઉપરોકત હકીકતોએ વિદ્યુત વપરાશની લેણી રકમ રૂા.૧૦,૫૮૧.૧૨/- તથા તેના પરની ડી.પી.સી.ની રકમ રૂા.૨,૮૬૭.૧૪/- માંથી રુ.૧,૦૦૦/- જમા રકમ બાદ કરતા કુલ રૂા.૧૨,૪૪૮.૨૬/- તેના પર દાવા તારીખથી રકમ વસુલ થતાં લગી પ્રતિ વર્ષ ૧૮ % ના હિસાબે વ્યાજની રકમ તથા ખર્ચ સહિત, રકમ વસુલ અપાવવા તથા અન્ય દાદ અપાવી, તેવું હુકમનામું ફરમાવવા અરજ કરેલ છે.

(૨) દાવો દાખલ થતાં દાવો રજીસ્ટરે લઈ, નામદાર કોર્ટ દવારા આંક-૧૩ થી દૈનિક ન્યુઝપેપરમાં જાહેર સમન્સની પ્રસિધ્ધી કરાવવામાં આવેલ હોવા છતાં પ્રતિવાદી તરફે કોઈ હાજર થયેલ ન હોય નામદાર કોર્ટ દવારા પ્રતિવાદી તરફે દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે.

(૩) ઉપરોકત હકીકતે દાવાનાં નિર્ણય અર્થે નીચે મુજબના મુદા મુકરર થયેલા છે.

**–:: મુદાઓ ::–**

| | |
|---|---|
| 1 | Whether the plaintiff entitled to recover the sum of Rupees 12,448.26/– from the defendant? |
| 2 | Whether the plaintiff is entitled to get interest on the due amount? If yes at what rate? |
| 3 | Whether the plaintiff proves that he is entitled to get relief as prayed for? |
| 4 | What order and decree? |

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેનાં મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા પ્રમાણે આ મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

૧. હકારમાં,
૨. અંશત: હકારમાં,
૩. અંશત: હકારમાં,
૪. આખરી હુકમ મુજબ.

(૫) વાદી તરફે પોતાની હકીકતો પુરવાર કરવા માટે આ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી અપુર્વ દેવેન્દ્રભાઈ ત્રિપાઠીનું પુરાવાનું સોગંદનામું | ૧૬ |
| ૨ | પ્રતિવાદીના લેજર એકાઉન્ટની નકલ | ૧૮ |
| ૩ | ડી.પી.સી. સ્ટેટમેન્ટની ખરીનકલ | ૧૯ |
| ૪ | લેણી રકમ ભરપાઈ કરવા માટેની નોટિસ | ૨૦ |
| ૫ | વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવાના હુકમની નકલ | ૨૧ |
| ૬ | ખાતાકીય રોજકામ | ૨૨ |
| ૭ | મીટર ઉતારયા અંગેની ચેકીંગ શીટ | ૨૩ |
| ૮ | કાયદેસરની નોટિસ | ૨૪ |
| ૯ | પોસ્ટ ખાતાની રસીદ | ૨૫ |

ઉપરોકત પુરાવા સિવાય વાદી તરફે વધુ કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવા માંગતાં નથી તેવું જાહેર કરેલ છે.પ્રતિવાદી તરફે દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ હોય પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

## –:: નિર્ણય માટેના કારણો ::–

**મુદા નં. ૧ થી ૪ ની સંયુકત ચર્ચા :–**

(૬) મુદા નં.૧ થી ૪ ની હકીકત અને કાયદાની દૃષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન નિવારવા તેની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૭) વાદી તરફે સાહેદે જે પુરાવાનું સોગંદનામું આપેલ છે તેમાં અરજીની હકીકતો જણાવેલ હોવાથી પુનરોચ્ચાર કરેલ નથી. ઉભયપક્ષોની રજુઆતો, પુરાવો અને પ્લીડીંગ્સ નજરે એ બાબત સ્વીકૃત છે કે, પ્રતિવાદીએ વાદી સંસ્થા પાસેથી વીજ કનેકશન મેળવેલ છે. વાદીનું કથન છે કે મે'૨૦૨૧ થી માર્ચ'૨૩ સુધીની બાકી નીકળતી રકમ રૂા.૧૦,૫૮૧.૧૨/– તથા તેના પરની ડી.પી.સી.ની રકમ રૂા.૨,૮૬૭.૧૪/– માંથી રુ.૧,૦૦૦/– જમા રકમ બાદ કરતા કુલ રૂા.૧૨,૪૪૮.૨૬/– બાકી બોલે છે. ઉપરોકત તમામ પુરાવા જોવામાં આવે તો સૌપ્રથમ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે એ હકીકત ધ્યાને લેવાની રહે છે કે વાદી જે દાવો લઈને આવેલ છે તેને વાદી ધ્વારા સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન પ્રાપ્ત થાય છે કે નહીં અને સાથે વાદી તે તમામ હકીકતો દસ્તાવેજી પુરાવાથી સાબીત કરી શકેલ છે કે કેમ. વિશેષમાં જયારે પ્રતિવાદી ધ્વારા વાદીની ઉલટતપાસ કરવામાં આવેલી ન હોય ત્યારે વાદી સોગંદ ઉપર જે જણાવે તે તમામ હકીકત સામાન્ય સંજોગોમાં માની લેવાની રહે છે, પરંતુ આટલા માત્રથી વાદીનો પોતાનો કેસ સાબીત કરવાનો બોજો દુર થતો નથી, વાદીએ તો પોતાનો કેસ પોતાની રીતે સાબીત કરવો પડે.

(૮) વાદી તરફે પ્રતિવાદી પાસેથી બીલની લેણી રકમની માંગણી કરેલ છે અને એ હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક– ૧૬ થી નાયબ ઈન્જીનીયર અપુર્વ દેવેન્દ્રભાઈ ત્રિપાઠીનું પુરાવાનું સોગંદનામું રજુ છે અને તેઓએ સોગંદ પરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક છે અને વાદી કંપની પાસેથી વીજ કનેકશન મેળવેલ છે.

(૯) વાદીએ સોગંદ પર જે હકીકતો જણાવી છે તેને દસ્તાવેજી પુરાવા સાથે મુલ્યાંકન કરવામાં આવે તો આંક–૧૯ થી પ્રતિવાદીનું ડી.પી.સી. સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. જે પુરાવાનાં

કાયદાની કલમ–૩૪ અને ૩૫ ને ઘ્યાને લેતાં ગ્રાહય છે અને પ્રસ્તુત હકીકત છે. તે મુજબ, આંક–૧૯ ના સ્ટેટમેન્ટ મુજબ લેણી રકમની માંગણી કરી છે. પ્રતિવાદી એ ઉપરોકત સમયગાળા દરમ્યાન કોઈ લેણી રકમ જમા કરાવેલ હોય તેવું સદરહુ સ્ટેટમેન્ટ પરથી ફલીત થતું નથી.

(૧૦) આ કામે આંક– ૨૦ થી રજુ નોટીસ પ્રતિવાદીને આપવામાં આવેલ છે અને તેમાં નોટીસ મળ્યા બાદ પણ આવી બાકી લેણી રકમ ભરપાઈ કરેલ નહીં અને લીગલ નોટીસ રજુ છે જેમાં વાદીને નોટીસ મળ્યેથી અમુક દિવસનો સમય આપવામાં આવેલ અને કસુર કર્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે અને ત્યારબાદ હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે.

(૧૧) વાદી એ જાહેર સંસ્થા છે અને રજુ કરેલ આધારો જાહેર દસ્તાવેજો છે તેમજ વાદી કંપની લોકોના હિત માટે વીજ ઉત્પાદન કરી વીજ પુરવઠો પુરો પાડતી સંસ્થા છે અને તેનાં કર્મચારીઓએ પોતાની ફરજનાં ભાગરૂપે કરેલ કૃત્ય છે. તેઓને પ્રતિવાદી સામે ખોટું કરવાનું કોઈ કારણ નથી. વાદીનાં દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાનું સમર્થન મળેલ છે. વાદીનો દાવો ખોટો છે તે અંગે વિરૂઘ્ધનું કાંઈ જ પ્રતિવાદી રેકર્ડ પર લાવી શકયા નથી કે પ્ર તિવાદી એ કોઈપણ જાતનો પુરાવો આપેલ નથી કે વાદીની ઉલટતપાસ કરી પુરાવાનું ખંડન કરેલ નથી.

(૧૨) વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વહેવાર થયેલ છે અને પ્રતિવાદી કોમર્શીયલ ટ્રાન્જેકશનના આધારે લેણી રકમ થયેલ છે તે સંજોગોમાં સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૪ અને ઈન્ટરેસ્ટ એકટની જોગવાઈઓ ઘ્યાને લેતાં વાદીને યોગ્ય ટકાના દરે વ્યાજ અપાવવું તે જરુરી છે. વિશેષમાં એ હકીકત પણ ઘ્યાને લેવાની છે કે વાદી એ જાહેર હીતમાં કાર્ય કરતી કં પની છે, અને તેની રકમ જો આ રીતે વણચુકવાયેલ રકમની રીતે પડી રહે તો વાદી ઉપર ઘણો મોટો બોજો પડે તેમ છે. વળી, એ વાત પણ નોંધનીય છે કે, હાલનો દાવો પ્રતિવાદી સામે એક તરફી ચલાવવામાં આવેલ છે. તેથી હાલનો દાવો ચલાવવામાં થયેલ વિલંબ પ્રતિવાદીના કસૂરના કારણે થવા પામેલ હોવાનું સ્વીકારવાને યોગ્ય નથી. તે હકીકતને ઘ્યાને રાખી જો વાદી

કંપનીને પ્રર્વતમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૮ % નાં સાદા વ્યાજના દરે આપવામાં આવે તો તે દરેક રીતે ન્યાયી ગણાશે. આથી વાદી કંપની જે તારીખથી લેણી રકમ વસૂલ થવા પામેલ છે તે તારીખથી દાવો દાખલ થયા સુધી અને જે તારીખથી હુકમનામું દોરવામાં આવે ત્યારથી સદરહુ રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી સદરહુ મંજુર કરેલ રકમ ઉપર વાર્ષિક ૮ % વ્યાજના દર સાથે રકમ મેળવવા હકકદાર બને છે તેવું આ અદાલત માનવું છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં તથા મુદા નં. ૨ તથા ૩ નો નિર્ણય અં શત:હકારમાં આપી મુદા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ રૂા.૧૨,૪૪૮.૨૬/– (અંકે રુપિયા બાર હજાર ચારસો અડતાલીસ અને છવ્વીસ પૈસા પુરા) વાદી કંપનીને દાવો ૧) જે તારીખથી લેણી રકમ વસુલ થવા પામેલ છે તે તારીખથી દાવો દાખલ થયા સુધી ૨) જે તારીખથી હુકમનામું દોરવામાં આવે તે તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૮ % (આઠ) ટકાના સાદા વ્યાજના દરે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજરોજ **તા: ૦૪ માહે: ઓગસ્ટ સને:૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૪/૦૮/૨૦૨૫
ભુજ–કચ્છ

**(બી.એન.ત્રિવેદી)**
અધિક સિવિલ જજ,
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૭૬૩

ડી.એન.આચાર્ય